Chapter-3

# પ્ર ક ર ણ - ૩

## સમયસંદર્ભ

## પ્રકરણ-૩

## સમયસંદર્ભ

ડાહ્યાભાઇ ધોળશાજીનો જન્મ ઇ.સ. ૧૮૬૭માં થયો અને તેમનું અવસાન ૧૯૦૨માં થયું. આટલા ટૂંકા જીવનકાળ દરમ્યાન તેમણે ગુજરાતી નાટક અને રંગભૂમિની નવી પ્રણાલિકા સ્થાપી આપી. નાટકનાં વિવિધ અંગોને નાટ્યરચના ધ્વારા તેમણે વિશિષ્ટ રીતે ખીલવ્યાં તેમ તળ ગુજરાતમાં થિયેટરનો પાયો નાંખ્યો એમ કહી શકાય. સંવેદનશીલ સર્જકની હેસિયતથી તેમણે નાટ્યરૂપને વિકસાવ્યું હતું. દેશહિતૈષી વિચારક તરીકે તેમણે સમકાલીન જીવનના પ્રશ્નોને સ્વરચિત નાટકોમાં ગૂંથીને પોતાની રીતે ઉકેલ સૂચવ્યો હતો.

આ પ્રશ્નોને તેમજ તે સાથે ડાહ્યાભાઇએ પુરસ્કારેલ જીવન-મૂલ્યોને સમજ્વા માટે તેમના ઉછેર અને ઘડતરનો સમયસંદર્ભ ઝડપથી જોઇ જઇએ.

ડાહ્યાભાઇનો કર્મકાળ મહદ્ અંશે ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં સાક્ષરયુગ તરીકે ઓળખાતા સમયગાળામાં પસાર થયો હતો. ૧૮૮૪-'૮૫ના અરસામાં તેમણે લેખનની શરૂઆત કરી ત્યારે સાક્ષર યુગના અગ્રણી ગોવર્ધનરામ, મણિલાલ અને નરસિંહરાવની કારકિર્દીનો આરંભ થઇ ચૂકયો હતો. આનંદશંકર ધ્રુવ (૧૮૬૯-૧૯૪૨) ગુજરાત કોલેજમાં એમના સહાધ્યાયી હતા. ૧૮૮૫ માં તેમણે મેટ્રીક્યુલેશનની પરીક્ષા પાસ કરી ત્યારે તેમના સમવયસ્ક કવિ કાન્ત અને તેમના કરતાં એક વર્ષે નાના રમણભાઇ નીલકંઠ

મુંબઇની એલ્ફિન્સ્ટન કોલેજમાં ભણતા હતા. તેમનાથી એક દશકે નાના નાનાલાલનો ઉદય ડાહ્યાભાઇએ સંસારમાંથી વિદાય લીધી ત્યારે (૧૯૦૨) પછી થયો હતો. ડાહ્યાભાઇના કરતાં માત્ર બે વર્ષે નાના ન્હાનાલાલ, ગાંધીજી અને બળવંતરાય ઠાકોર પણ તેમના અવસાન પછી જ સાહિત્યની ક્ષિતિજ ઉપર દેખાયા. ડાહ્યાભાઇ કરતાં સાત વર્ષે નાના અને તેમના કરતાં બે વર્ષ વહેલા સંસારમાંથી વિદાય લેનાર કલાપીની (૧૮૭૪-૧૯૦૦) કારકિર્દી પણ ડાહ્યાભાઇની સાથે શરૂ થાય છે. ૧૮૯૨માં તેમણે નાટયલેખન શરૂ કર્યું તે જ વર્ષમાં કલાપીએ "કાશ્મીરનો પ્રવાસ" પત્રરૂપે લખ્યો હતો. સમકાલીન લેખકોમાં કલાપીને બાદ કરતાં કોઇ લેખકનું ડાહ્યાભાઇના જેટલું ટૂંકું આયુષ્ય નહોતું. તેમનો ખરેખરો પ્રવૃત્તિનો દશકો (૧૮૯૨-૧૯૦૨) પંડિતયુગના મધ્યાહ્નનો દશકો હતો.

નર્મદનું અવસાન થયું ત્યારે ડાહ્યાભાઇની ઉંમર ઓગણીસ વર્ષની હતી. પણ દીર્ઘાયુષ ભોગવનાર દલપતરામ (૧૮૨૮-૧૮૯૮) ડાહ્યાભાઇની આરંભકાળની નાટયપ્રવૃત્તિના સાક્ષી હતા. ડાહ્યાભાઇ જન્મ્યા એ જ વર્ષમાં નવલરામનું "ભટનું ભોપાળું" પ્રગટ થયું હતું અને દલપતરામનું "મિથ્યાભિમાન" લખાયું ત્યારે તેમની ઉંમર ચાર વર્ષની હતી. ડાહ્યાભાઇના કર્મકાળનો આરંભ થયો (૧૮૯૨) તે પહેલાં છ વર્ષે ભોળાનાથ સારાભાઇએ અને તેને આગલે વર્ષે મહીપતરામ નીલકંઠે (૧૮૯૧) વિદાય લીધી હતી. મનઃસુખરામ સૂર્યરામ (૧૮૪૦-૧૯૦૭) અને રણછોડભાઇ ઉદયરામ (૧૮૩૭-૧૯૨૩) દલપતરામની માફક દીર્ઘજીવી હોવાથી સુધારકયુગથી શરૂ થઇને પંડિતયુગ પર્યંત તેમની પ્રવૃત્તિઓ વિસ્તરેલી હતી. ડાહ્યાભાઇનો નાટયક્ષેત્રે પ્રવેશ થયો તે પહેલાં રણછોડભાઇ કૃત "જયકુમારીવિજય" (૧૮૬૫), "લલિતાદુઃખદર્શક" (૧૮૬૬), "હરિશ્ચંદ્ર." (૧૮૭૬),

"પ્રેમરાય અને ચારુમતી" (૧૮૭૬), "બાણાસુરમદમર્દન"(૧૮૭૮), "મદાલસા અને ઋતુધ્વજ" (૧૮૭૮) તથા "નળદમયંતી" (૧૮૮૩) નાટક લખાઇ ચૂકયાં હતાં, અને તેમના અવસાન પછી "નિંદ્યશૃંગાર-નિષેધક" (૧૯૦૨), "વેરનો-વાંશે વસ્યો વારસો" (૧૯૨૨) તથા "વંઠેલ વિરહાનાં કૂડાં કૃત્ય" (૧૯૨૩) પ્રસિધ્ધ થયાં હતાં. ડાહ્યાભાઇના સમાંતર ગાળામાં રણછોડભાઇએ કોઇ નવું નાટક આપ્યું નથી અને તેમણે નાટ્યપ્રવૃત્તિ ધ્વારા સંસ્કારશિક્ષણની નેમ રાખી હતી એ હકીકત નોંધપાત્ર છે. નવલરામે પણ નાટક અને નાટકશાળાને પ્રજાની સંસ્કૃતિની પારાશીશીરૂપ ગણાવી હતી. મણિલાલ નભુભાઇની કલામય રૂપઘટનાવાળી કરુણાન્ત નાટ્યકૃતિ "કાન્તા" ૧૮૮૨ માં પ્રગટ થઇ હતી, અને તેનો પ્રયોગ "કુલીન કાન્તા" એ શીર્ષકથી કરીને ૧૮૮૯માં મુંબઇ ગુજરાતી નાટક કંપનીએ પોતાની પ્રવૃત્તિનો પ્રારંભ કર્યો હતો, તેનો ઉલ્લેખ અગાઉ આવી ગયો છે.

૧૮૫૭ની સાલમાં સ્થપાયેલી યુનિવર્સિટી અને એ જ વર્ષમાં થયેલ રાજકીય ક્રાન્તિની દૂરગામી અસર ભારતની પ્રજાના માનસ ઉપર થયેલી છે. પ્રજાના સાંસ્કૃતિક અને રાજકીય જીવન ઉપર આ બે ઘટનાઓએ મૂલગામી પ્રભાવ પાડયો છે. યુનિવર્સિટી-શિક્ષણને પરિણામે પાશ્ચાત્ય સાહિત્ય અને સંસ્કૃતિનો વ્યવસ્થિત અભ્યાસ કરવાની તક નવી પેઢીને મળી. ડાહ્યાભાઇના જમાનામાં સંસ્કૃત સાહિત્ય અને ભારતીય સંસ્કૃતિનો પાશ્ચાત્ય સાહિત્ય અને સંસ્કૃતિની તુલનાએ કસ કાઢવાની તક પણ મળી. મણિલાલ જેવા વિચારકે પશ્ચિમનું આંધળું અનુકરણ કરીને હિંદુ ધર્મ અને સમાજની પ્રાચીન પરંપરાને મૂળમાંથી ઉચ્છેદવા માગતા "સુધારાવાદીઓ"ને

"રુક જાવ" કહીને ચેતવણી આપી હતી ને સમજુ અને વિચારશીલ વર્ગને પશ્ચિમ તરફથી મોં ફેરવીને "પૂર્વાભિમુખ" થવા પ્રેર્યા હતા. સ્વામી દયાનંદ સરસ્વતીએ પણ આ અરસામાં આર્યસમાજની સ્થાપના (૧૮૭૫) કરીને મૂર્તિપૂજાનો વિરોધ કરીને વેદધર્મની પ્રતિષ્ઠા કરી હતી. એટલું જ નહીં, ધર્મ, શરીરવિકાસ અને હુન્નરજ્ઞાનને સમાવી લેતી શિક્ષણપ્રણાલી ઊભી કરી હતી. કન્યાવિદ્યાલયો, વિધવાગૃહો અને અનાથાશ્રમો પણ તેમણે સ્થાપ્યાં હતાં. તે પછી એકબે વરસમાં જ સમયમૂર્તિ નર્મદે પોતાનું વિચારપરિવર્તન જાહેર કરીને "સ્વધર્મના સંરક્ષણ" ને "બ્રાહ્મણ બુધ્ધિના માહાત્મ્ય" ની ઘોષણા કરી હતી. ૧૮૮૧ માં તેણે સુધારાએ "બુધ્ધિચાંચલ્ય પૃચ્છાશક્તિ અને સાહસશક્તિ દેખાડયાં છે" એટલું એના જમા પક્ષે નોંધીને સુધારાનું વિસર્જન કર્યું!

ડાહ્યાભાઇના જીવનકાળ દરમ્યાન એક બાજુએ રમણભાઇ, નરસિંહરાવ અને કાન્ત જેવા સુધારક મતવાદી અને બીજી બાજુ મણિલાલ, ગોવર્ધનરામ, અને આનંદશંકર જેવા સંરક્ષક વિચારસરણી ધરાવતા લેખકો વચ્ચે વિવિધ ધાર્મિક અને સામાજિક પ્રશ્નો વિશે વિવાદ ચાલી રહ્યો હતો. સ્વાભાવિક રીતે જ તેમનાં નાટકોમાં આ પડઘા અવારનવાર પડતા રહ્યા છે.

લગ્નપ્રથા બધા જમાનામાં કોઇ ને કોઇ સ્વરૂપમાં સળગતા પ્રશ્ન-રૂપે ઊપસ્યા વિના રહેતી નથી. ડાહ્યાભાઇના જન્મના વર્ષમાં જ સુધારાવીર નર્મદે વિધવા સાથે લગ્ન કર્યું હતું. દુર્ગારામે વિધવા-વિવાહનો પ્રચાર શરૂ કર્યો હતો. પાશ્ચાત્ય શિક્ષણના પ્રકાશમાં રૂઢિગ્રસ્ત લગ્નપ્રથાને જોઇને તેને તોડવાનો પ્રયત્ન કેટલાક જુવાન

"સુધારકો" કરતા હતા. કજોડાં અને બાળલગ્નથી ઊભી થતી વિષમતાને દૂર કરવાનો ઉપદેશ નર્મદે અને નવલરામે કવિતામાં આપ્યો હતો. રણછોડભાઇનું "લલિતાદુઃખદર્શક" નાટક આ પ્રશ્ન પર લખાયું હતું. તે જોઇને એક ડોસીએ પોતાની દીકરીની ઇચ્છા વિરુધ્ધ સગાઇ કરી હતી તે તોડી નાખી હતી ! એ સમયનું ભાગ્યે જ કોઇ નાટક એવું હશે જેમાં સ્ત્રીપુરુષનો સંબંધ કોઇ ને કોઇ સ્વરૂપમાં ચર્ચાયો ન હોય. સ્નેહલગ્ન અને લગ્નસ્નેહ સ્પષ્ટ ને સુઘડ સ્વરૂપમાં નાનાલાલ અને મુનશીની કૃતિઓમાં ચર્ચાય છે પરંતુ તે પહેલાં બે પેઢીથી કૈંક અણઘડ અને સ્થૂળ સ્વરૂપમાં એ પ્રશ્નો સાહિત્યમાં ચર્ચાતા રહ્યા. શીલ, સતીત્વ, પ્રેમ, મૈત્રી, ટેક, વફાદારી વગેરે મૂલ્યોનો પુરસ્કાર કરતાં નાટકો ડાહ્યાભાઇના આગમન વખતે ગુજરાતમાં રજૂ થઇ ચૂકયાં હતાં.

પાશ્ચાત્ય જીવનપ્રથાનું આંધળું અનુકરણ, સંયુકત કુટુંબ વિરુધ્ધ વિભક્ત કુટુંબ, વ્યકિતસ્વાતંત્ર્ય અને સમાજહિત, જૂની સામાજિક રૂઢિઓ અને નવા આચારો વગેરે પ્રશ્નોને કેન્દ્રમાં રાખીને સંઘર્ષ દર્શાવતા કાવ્યો અને નાટકો લખાવાં શરૂ થયાં હતાં. ડાહ્યાભાઇના જન્મ સમયે જ મહીપતરામની "સાસુવહુની લડાઇ"ની વાર્તા પ્રસિધ્ધ થઇ હતી. નર્મદની કવિતા તો "સુધારાનું બાઇબલ" જ કહેવાઇ. દલપતરામે પણ ધીમે ધીમે સુધારાનો સાર સમજાવ્યો હતો. નવલરામે બાળલગ્નની ટીકારૂપે "જનાવરની જાન" નું રૂપક કવિતામાં યોજ્યું હતું. નંદશંકરે "કરણઘેલો" જેવી ઐતિહાસિક વસ્તુની નવલકથામાં સુધારાનાં ભાષણો ગોઠવ્યાં હતાં.

નવલરામે ૧૮૮૨ માં સુધારાનું ઇતિહાસરૂપ વિવેચન લખીને

અંગ્રેજી કેળવણીને સુધારાની પરમ આધારશક્તિ તરીકે ઓળખાવીને સુધારકો તેમજ સુધારાવિષયક પત્રો, પુસ્તકો તથા સંસ્થાઓને તેનાં ફરજંદ ગણ્યાં હતાં. "જગતનું સામાન્ય જ્ઞાન, બુધ્ધિવાદ, જનસામાન્યભાવ ( equality of men ), સ્વાતંત્ર્યભાવ, રાગવૃત્તિ અને ઉદ્યોગપ્રીતિ" એ બાબતોને તેમણે અંગ્રેજી કેળવણીની મુખ્ય અસરરૂપે તારવી બતાવી હતી.[1] મણિલાલ નભુભાઇએ ઉચ્છેદક સુધારાનાં આ છ લક્ષણોની સામે સંરક્ષક સુધારાનો પક્ષ રજૂ કર્યો હતો. તેમણે "જગતના સામાન્ય જ્ઞાન" નો અસ્વીકાર કર્યો નથી, પણ આત્મજ્ઞાનનું સર્વોપરિ મહત્ત્વ સમજાવ્યું. "બુધ્ધિવાદ"-ની ઉપેક્ષા કર્યા વિના શાસ્ત્રપ્રામાણ્યનો પુરસ્કાર કર્યો અને "જનસામાન્યભાવ" ને સ્થાને વિશાળ ઐક્યભાવનો પુરસ્કાર કર્યો. રાજકીય સ્વાતંત્ર્યની ભાવનાને તેમણે ઉમળકાભેર આવકારી, પણ વ્યક્તિસ્વાતંત્ર્યના સૂત્રને સ્વાર્થી અને અહંતાવાદી નીતિના સૂચનરૂપ ગણીને વખોડી કાઢયો. સ્ત્રીપુરુષસમાનતાનો સિધ્ધાન્ત તેમને તથા ગોવર્ધનરામને માન્ય નહોતો. પ્રાચીન નારીભાવનાને પુનર્જીવિત કરીને મણિલાલે તથા ગોવર્ધનરામે સ્ત્રી અને પુરુષના કર્તવ્યનો ભેદ સ્પષ્ટ કરીને બંનેને અધિકારાનુસાર કેળવણી આપવાની યોજના સમજાવી હતી. મણિલાલે આને માટે "Suggestions for Gujarati Reading Series " લખીને તે વખતના શિક્ષણતંત્રના અધિકારીને મોકલી હતી.

---

1 જુઓ "નવલગ્રંથાવલિ", (તારણ) , પૃ. ૪૭૦-૪૭૫.

પંડિતયુગમાં આ વિષયની ઊંડાણથી ચર્ચા થઇને રજૂઆત કેંક રોચક ને કળામય સ્વરૂપમાં થઇ. ગોવર્ધનરામે "સરસ્વતીચંદ્ર" ભાગ. ૧-૨ માં સંયુકત કુટુંબની ભાવના સુંદર સ્વરૂપમાં રજૂ કરી હતી. એ જ અરસામાં હિંદુ પીનલ કોડની ૩૭૫મી કલમમાં લગ્ન-યોગ્ય કન્યાનું વય ઓછામાં ઓછું દશ વર્ષનું હતું તેમાં સુધારો કરીને ચૌદ વર્ષ કરવાની હિલચાલ શરૂ થઇ હતી. બહેરામજી મલબારીએ ૧૮૮૬ થી ૧૮૯૧ સુધી તેને માટે દેશભરમાં આંદોલન જગાવ્યું હતું. ૧૮૮૭માં બનેલા દાદાજી અને રુકમાબાઇના કિસ્સાએ[2] ચકચાર જગાવી હતી. તેમાં સુધારક ગણાતા કેટલાકે રુકમાંબાઇનો સ્ત્રીસ્વાતંત્ર્યના સિધ્ધાન્ત મુજબ પક્ષ લઇને દાદાજીને ખોટી રીતે અભણ, નિર્બળ, નિર્ધન ને નિરુદ્યમી ચીતર્યો હતો, અને રુકમાંબાઇને મહાવિદુષી, સંસ્કારી ને ~~પ્રતાપવતી~~ પ્રતાપવંતી વર્ણવી હતી ! આ ભ્રમને દૂર કરવામાં મણિલાલ નભુભાઇના લેખોએ સારો ભાગ ભજવ્યો હતો.[3]

---

2 દાદાજી નામના થોડુંક ભણેલા, સાધારણ સ્થિતિના માણસને તેર વર્ષની ઉંમરે પરણેલી રુકમાંબાઇ બાવીસ વર્ષની ઉંમર સુધી સાસરે ન ગઇ ત્યારે તેના પતિએ કેસ માંડતાં કોર્ટે ચુકાદો આપેલો કે રુકમાંબાઇને સાસરે ન જવું હોય તો ન જાય. હાઇકોર્ટમાં અપીલ થતાં હાઇકોર્ટે રુકમાંબાઇને એક માસમાં પતિને ઘેર હાજર થવાનું ફરમાન કર્યું હતું. (જુઓ મણિલાલ નભુભાઇ કૃત "સુદર્શન ગદ્યાવલિ", પૃ. ૪૧૯)

3 જુઓ "સુદર્શન ગદ્યાવલિ", પૃ. ૪૧૯, ૪૨૬.

આ અરસામાં મણિલાલની વિચારશ્રેણીના ઉપહાસરૂપે "ભદ્રંભદ્ર" રમણભાઇએ પોતાના પત્ર "જ્ઞાનસુધા" માં લખવાની શરૂઆત કરી. નરસિંહરાવે "કુલમણિ દાસીનો શાપ" જેવી કવિતામાં પોતાનું સુધારાતરફી વલણ ઉત્કટભાવે પ્રગટ કર્યું. ગોવર્ધનરામે અને આનંદશંકરે આ બે પરસ્પર વિરુધ્ધ જણાતા વિચારોનો સમન્વય સાધીને રાષ્ટ્રીય ભૂમિકા પરના સુધારાની (Reforms on National Lines ) હિમાયત કરી હતી.

ડાહ્યાભાઇના ઉછેર અને ઘડતરના સમયમાં આમ પૂર્વ-પશ્ચિમ-સંસ્કાર-સંઘટ્ટ ચાલતો હતો. રાજકીય સુધારો પહેલો કે સામાજિક સુધારો પહેલો એવી ચર્ચા ચાલતી હતી તે વખતે મણિલાલ અને ગોવર્ધનરામ જેવા વિચારકોએ બંનેના અથવા કહો કે, જીવનસમગ્રના મૂળમાં રહેલા ધર્મના સુધારાને અગ્રસ્થાન આપવાનું દ્રષ્ટિબિંદુ મૂક્યું હતું. ડાહ્યાભાઇએ નાટ્યલેખન પ્રવૃત્તિ શરૂ કરી ત્યારે સુધારાનાં પાણી આછર્યાં હતાં ને ધર્મ-તત્ત્વનો ઊંડો વિચાર કરવા ઉપરાંત સ્વસંસ્કાર ને સ્વદેશ ભણી ડાહ્યા અને વિચારવંત પુરુષો જોવા લાગ્યા હતા. ડાહ્યાભાઇના ચિત્ત ઉપર આ સમકાલીન બળોનો પ્રભાવ કેવો પડયો હતો તે તેમના જીવન અને સાહિત્યને લગતી હવે પછી આવતી હકીકતો પરથી સ્પષ્ટ થશે.